CC NO. 1155 / 2022.
SESSIONS COMMITTAL

GJSK190011892022

કેસ રજુ કરેલ તારીખ : ૧૨ / ૧૦ / ૨૦૨૨.
કેસ દાખલ કરેલ તારીખ : ૧૨ / ૧૦ / ૨૦૨૨.
કેસ ફેંસલ કરેલ તારીખ : ૦૧ / ૦૫ / ૨૦૨૩.
સમયગાળો : અવધિ :
દિવસ : ૧૯, માસ : ૦૬, વર્ષ : ૦૦

**પોશીના, જી. સાબરકાંઠાના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં,**

**મું. પોશીના, જી. સાબરકાંઠા.**

**ફોજદારી કેસ નંબર – ૧૧૫૫ / ૨૦૨૨.**

**આંક – ૧૭**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓ : (૧) સુંદરભાઈ ખેમાભાઈ ગમાર ઉ.વ.૧૯
(૨) રમેશભાઈ કમલેશભાઈ ગમાર ઉ.વ.૧૯
(૩) અર્જુનભાઈ હરેશભાઈ ગમાર ઉ.વ.૧૯
(૪) રાંમાભાઈ ઉર્ફે રમેશભાઈ ભેમાભાઈ ગમાર ઉ.વ.૧૯
તમામ રહે.છોછર (લક્ષ્મણપુરા), તા.પોશીના,જી.સાબરકાંઠા.

ગુન્હો : ઈ. પી. કો. કલમ – ૩૦૭,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ.

.....................................................................................................

**–:: કમીટલ હુકમ ::–**

**૧.** આ કામના આરોપીઓએ તા.૧૦/૦૮/૨૦૨૨ ના કલાક– ૧૬/૦૦ વાગ્યેના

સુમારે મોજે દેલવાડા ગામની સીમમાં દેલવાડાથી મતરવાડા તરફ જતા સાબરમતી નદીના પુલ ઉપર આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી અગાઉ આ કામના ફરીયાદીના પિતાજીએ તેમના વિરૂધ્ધમાં ખોટી ફરીયાદ કરાવેલ છે તેવો વહેમ રાખી પુર્વ આયોજીત કાવતરૂ રચી ફરીયાદીને મા–બેન સામી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે કમ્મરમાંથી છરી કાઢી જાનથી મારી નાખવાના ઈરાદે ફરીયાદીના છાતિના ડાબા ભાગે મારી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે. જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૩૦૭,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તારીખ: ૧૨ / ૧૦ / ૨૦૨૨ ના રોજ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. આ કામે આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, તેઓને પોલીસ તપાસના તમામ કાગળોની નકલો મળી ગયા બદલની ખાતરી કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓને તેઓ વિરૂધ્ધ નામદાર સેશન્સ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી ચાલે તે દરમીયાન તેઓ તેમના બચાવ માટે ખાનગી વકીલ રોકવાના છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે તે અંગે પુછતાં આરોપીઓએ તેઓના **આંક : ૧૨ થી ૧૫** નિવેદનમાં પોતે પોતાના બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગતા હોવાની હકીકત જાહેર કરી **આંક : ૧૧** થી તે બાબતની પુરસીસ રજુ રાખેલ છે.

3. ફરીયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો જોતાં પ્રથમ દર્શનીય રીતે આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ – ૩૦૭,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતાં અને વ્યાજબી

કારણો જણાય છે. પરંતુ, ઈ. પી. કો. કલમ – ૩૦૭,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત માત્ર નામદાર સેશન્સ અદાલતને જ છે તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપીઓ (૧) સુંદરભાઈ ખેમાભાઈ ગમાર ઉ.વ.૧૯, (૨) રમેશભાઈ કમલેશભાઈ ગમાર ઉ.વ.૧૯, (૩) અર્જુનભાઈ હરેશભાઈ ગમાર ઉ.વ.૧૯, (૪) રાંમાભાઈ ઉર્ફે રમેશભાઈ ભેમાભાઈ ગમાર ઉ.વ.૧૯, તમામ રહે.છોછર (લક્ષ્મણપુરા), તા.પોશીના,જી. સાબરકાંઠાનાઓઓ સામેનો કેસ ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૯ મુજબ ઈ.પી.કો. કલમ – ૩૦૭,૧૪૭, ૧૪૮,૧૪૯,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટેની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર એડીશનલ સેશન્સ કોર્ટ, મુ. પો. તા. ઈડર, જી. સાબરકાંઠા તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિ. પ્રો. કો. કલમ – ૨૦૯(ડી) મુજબ આ કેસ કમીટ કર્યાની જાણ મદદનીશ જીલ્લા સરકારી વકીલશ્રી, ઈડર, તા. ઈડર, જી. સાબરકાંઠાનાઓને કરવી.

હુકમ આજ તારીખ : ૦૧ મી, માહે : મે , સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પોશીના, જી. સાબરકાંઠા.
તારીખ : ૦૧ / ૦૫ / ૨૦૨૩.

**( એસ. જે. બિહારી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
પોશીના, જી. સાબરકાંઠા.
જજ કોડ – જીજે૦૧૬૬૬.